અપીલ અરજી નં.૬૮ તા.૧૮–૬–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ

સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

## હુકમઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૨–૫–૦૮ ની અરજીથી સ્ટેશન આર્યુવેદિક હોસ્પિટલ સામે બોઘાની વાડીમાં નં.૨૦૩–બ–૪ વાળો મેઈનરોડ ઉપર ફુટપાથ સાથે ચાલતાં બાંધકમમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું? વિગેરેની માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૮–૬–'૦૮ ની અપીલ અરજી નં.૬૮/–૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૨–૫–૦૮ ની અરજીથી સ્ટેશન આર્યુવેદિક હોસ્પિટલ સામે બોઘાની વાડીમાં નં.૨૦૩–બ–૪ વાળો મેઈનરોડ ઉપર ફુટપાથ સાથે ચાલતાં બાંધકમમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું? વિગેરેની માહિતી બાબતે રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આર/નં.૨૮૦ તા.૧૧–૬–૦૮ થી આપેલી માહિતી ગેરમાર્ગે દોરનાર જવાબો આપી માથાનો ભાર ઉતારેલ છે. ખોટા જવાબ આપવા આરટીઆઈ એકટ હેઠળ પગલાં ભરવા અપીલ અરજીમાં રજૂઆત કરેલ છે.અને આપેલા જવાબનો અભ્યાસ કરી સાચી માહિતી મેળવવા અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૮–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો આપેલ માહિતીમાં કોઈ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૨ તા.૨૫–૬–૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આ.નં.૩૮૯ તા.૮–૭–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે આયુર્વેદિક હોસ્પિટલ સામે બોઘાની વાડીમાં નં.૨૦૩–બ–૪ વાળો ફુટપાથ સાથે ચાલતાં બાંધકામોમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું તેની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી વોર્ડ નં.૭ ની નોંધ નં.૨૦૩–બ–૪ થી મંજુર થયેલા હતાં તથા સ્થળ તપાસમાં મંજુર પ્લાનના બિલ્ટપથી ઓછા માપ વિસ્તારમાં આંતરિક ફેરફાર સહિત બાંધકામ કરેલ હોવાના તેમજ તા.૨૩–૨–૦૮ ના રોજ મોડીફાઈડ પ્લાન રજુ કરવામાં આવેલ હોવાની માહિતી પૂરી પાડેલ સાથે પ્લાન કચેરીમાં વિના મુલ્યે જોઈ શકવાની માહિતી પણ આપેલ હોવાનું મોકલેલ વિગતોથી સ્પષ્ટ થાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૫–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે તેમજ કચેરીની મુલાકાત લઈ પ્લાન વિના મુલ્યે જોઈ જવા અંગે પણ સૂચિત કરેલ છે તેમજ નિયત ફી ભરી પ્લાન નકલ પણ મેળવી લેવા જણાવેલ છે જેથી અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી."

અરજદારની મુળ અરજીમાં જ વિના મુલ્યે પ્લાનની નકલ મેળવવાનો દુરાગ્રહ આરટીઆઈ એકટ અને નિયમોની જોગવાઈ સાથે સુસંગત ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામ મેમણ,